વડીલોને વંદન

અભિનંદન

ગેબાભાઇ કે. પટેલ
(૧૯૪૬) મો. ૯૯૦૪૮૮૦૩૪૭

ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય મુક્ત શાળા સંસ્થાનની રજતજયંતિની ઉજવણી નિમિત્તે કાર્યક્રમ

રાષ્ટ્રીય મુક્ત શાળા સંસ્થાન યુવાનોને ગમે તે ઉંમરે મનપસંદ શિક્ષણ મેળવવાની ઉત્તમ તક આપે છેઃ શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા.૧૯

રાષ્ટ્રીય મુકત શાળા સંસ્થાન ગાંધીનગરનો રજત જયંતિ મહોત્સવ તેમજ સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી નિમિત્તે શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

રજતજયંતિ -સંગે શિક્ષણ મંત્રી શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, હાલના અતિ વ્યસ્ત યુગમાં પણ રાષ્ટ્રીય મુકત શાળા સંસ્થાન યુવાનોને ગમે તે ઉંમરે પોતાના અનુકુળ સમયે મનપસંદ શિક્ષણ મેળવવાની ઉત્તમ તક પુરી પાડે છે. રાજ્યમાં શિક્ષણ સુધારાના ઘણા -યાસો સતત થઈ રહ્નહયા છે. ઓપન સ્કૂલિંગ એમાંનુ એક છે. જો આપણે માનતા હોઈએ કે શિક્ષણ એ આજીવન ચાલતી -ક્રિયા છે તો અમુક ઉંમર સુધી જ ભણાય એવું શા માટે? અમુક વિષય જ ભણાય અને અમુક નહીં એવું શા માટે? કોઈ સૈનિકને અંગ્રેજી ભણવાનું મન થાય કે કોઈ વિદ્યાર્થીને ગણિતની પરીક્ષા આપવી હોય તો તક કયાં મળે? આવા તમામ શિક્ષણ મેળવવાલક્ષી -ૈનું નિરાકરણ તમને NIOS માંથી મળે છે. આજે દેશભરમાં ઓપન સ્કૂલિંગની માંગ વધતી જાય છે. ૮-૧૦ રાજ્યોને પોતાની ઓપન સ્કૂલ શરૂ કરી છે. રાજ્ય સરકારે પણ ગયા વર્ષથી રાજ્ય સરકારની ઓપન સ્કૂલ શરૂ કરી છે.

વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ફત્બ્ૃ માં યુવાનો રોજગારીની સાથે સાથે શિક્ષણ મેળવી શકે તેવી શ્રેષ્ઠ વ્યવસ્થા ઉપલબ્ધ છે. દેશ અને રાજ્યના શ્રેષ્ઠ રમતવીરો-કલાકારો પણ પોતાનો અભ્યાસ આ સંસ્થાન સહયોગથી પૂર્ણ કરી શકયા છે. રાજ્ય સરકારે આજથી ૧૧ વર્ષ પૂર્વે દિકરીઓના શિક્ષણ માટે કન્યા કેળવણી અભિયાન અને શાળા -વેશોત્સવ યજ્ઞ શરૂ કર્યો છે જેના હકારાત્મક પરિણામો આજે મળી રહ્ના છે. ભૂખ્યાને ભોજન આપવું એ ઉત્તમ દાન છે પણ સાથે સાથે શિક્ષણનું દાન એ માત્ર એક વ્યક્તિને નહીં પણ પેઢીઓ તારે છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ સમગ્ર દેશ અને વિશ્વમાં વિવિધ -કારે ઉજવાઈ રહી છે. સ્વામીજીનું જીવનચરિત્ર આજના યુવાનો માટે એક શ્રેષ્ઠ સંદેશ છે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

NIOSના ક્ષેત્રિય નિયામક ડૉ. રાજેશકુમારે સ્વાગત -વચન કરતાં કહ્નહયું હતું કે, NIOSમાં -વેશ માટે કોઈપણ જાતનો દાખલો, આધાર-પૂરાવો ન હોય તો પણ મેટ્રીકની પરીક્ષા આપી શકાય છે. એક પછી એક વિષયો પાસ કરી શકાય, વિષયવાર માધ્યમ બદલી શકાય, પરીક્ષાર્થી ઈચ્છે ત્યારે પરીક્ષા આપી શકે, એકવાર ઓછા ગુણથી પાસ થઈ ગયા તો ગુણ વધારવા બીજીવાર પરીક્ષા આપી શકાય, એકવાર -વેશ મેળવ્યા

બાદ નવ વખત પરીક્ષા આપી શકો, અન્ય બોર્ડ દ્વારા બે વિષયો પાસ કર્યા હોય તો તે ગુણ પણ ઓપન સ્કૂલમાં માન્ય ગણવામાં આવે છે તેમજ C.B.S.E. બોર્ડની સમકક્ષ માન્ય -માણપત્ર આપવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આપણા દેશની NIOS વિશ્વભરની સૌથી મોટી ઓપન સ્કૂલીંગ સંસ્થા છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતી -ાપ્તજ્ઞ અને ઓલિમ્પિક મેડલ વિજેતા મહિલા બોકસર એમ. સી. મેરિકોમ, ગુજરાતી ક્રિકેટર શ્રી પાર્થિવ પટેલ, આંતરરાષ્ટ્રીય ગાયિકા ઐશ્વર્યા મજમુદાર, સ્કવોશ ખેલાડી દિપીકા પાલિકલ, એફ-૧ કાર રેસર અરમાન અબ્રાહીમ, ગોલ્કર અમરજયોતસિંહ, -સિદ્ધ ગુજરાતી કથ્થક નૃત્યાંગના ફિયાના કવાન જેવી વિવિધ હસ્તીઓએ ફત્બ્ૃ માંથી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. વધુમાં છેલ્લા બે વર્ષથી ગુજરાતમાં ગાંધીનગર NIOSનું કાર્યાલય પણ શરૂ થયું છે.

આ -સંગે મંત્રીશ્રીના હસ્તે NIOSમાં નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધા ક્ષેત્રે -થમ, દ્વિતીય અને તૃતિય ક્રમના વિજેતાઓનું સન્માન તેમજ NIOSની માહિતી આપતી પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ઉજવણી નિમિત્તે જે. કે. સિમેન્ટના વાઈસ ચેરમેન શ્રી નવીનકુમાર શર્મા, બ્રાઈટ સ્કૂલના ટ્રસ્ટી શ્રી હરેશભાઈ ત્રિવેદી તેમજ NIOSના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્નહયા હતા.

રક્ષાબંધન પર્વના અવસરે શુભકામનાઓ આપતા રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રક્ષાબંધનના પાવન પર્વે રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે રક્ષાબંધન પર્વ ભાઈ-બહેનના બેમિસાલ સ્નેહનું પ્રતિક છે. આ પર્વ દેશનું સાંસ્કૃતિક પર્વ છે, જે સમાજમાં હંમેશા એકતા અને ભાઈચારાની ભાવનાને દ્દઢ બનાવવાની પ્રેરણા આપે છે.

ઊંઝામાં વારંવાર વાહન ચોરીના બનાવો બનતા નાગરિકોમાં ભયનો માહોલ

ઊંઝા, તા.૧૯

ઊંઝા શહેરમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર વાહનચોરીના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા હોઈ વાહનમાલિકોમાં ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઊંઝા ખાતે કામલી રોડ પર આવેલ ગુરુપાર્ક સોસાયટીમાં રહેતા જશવંતકુમાર કાન્તિલાલ નાયીના પુત્ર ધવલ બપોરના સમયે મોટરસાયકલ લઈને શહેરના મહાવીર કોમ્પ્લેક્ષમાં ચાલતા કોમ્પ્યુટર કલાસમાં ગયો હતો દરમિયાન હિરો હોન્ડા મોટર સાયકલ સ્પેન્ડર નં. જીજે ૨ એકે ૧૫૨૦ મહાવીર કોમ્પ્લેક્ષ આગળ પાર્ક કર્યું હતું ત્યારે બપોરના દોઢથી ત્રણ વાગ્યાની વચ્ચે કોઈ તસ્કર રૂ. ૨૫ હજારની કિંમતની મત્તાની મોટર સાયકલની ઉઠાંતરી કરીને કયાંક પલાયન થઈ ગયો હતો. આ બનાવ અંગે ઊંઝા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતનું જળ વ્યવસ્થાપન દેશભરમાં શ્રેષ્ઠ હોવાનો દાવો

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કર્મઠ માર્ગદર્શન હેઠળ ગુજરાતે જે જળવ્યવસ્થાપન કર્યું છે તે દેશભરમાં શ્રેષ્ઠ છે. રાજયની મહત્વની મોટાભાગની નદીઓના આંતર જોડાણને કારણે સમગ્ર રાજયની સિંચાઈ અને પીવાના પાણીની સ્થિતિ ધરમૂળમાંથી બદલાઈ છે. ગુજરાતના દૂરદેશીભર્યા પ્રયાસોને કારણે જ આજે સરદાર સરોવર બંધના ઓવરપ્લો થતાં પાણી દરિયામાં વહેવાને બદલે જરૂરીયાતવાળા વિસ્તારોમાં અને નદીઓમાં વહે છે. રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા નર્મદા અને કડાણાના ઓવરફલો થતાં વધારાના પાણીને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેર દ્વારા ગુજરાતની નદીઓમાં પહોંચાડવાનું અને તળાવો ભરવાનું તથા નર્મદા મુખ્ય નહેર આધારીત ઉદ્દવહન પાઈપલાઈનો મારફતે ઉત્તર ગુજરાતના ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં ભૂગર્ભજળ રિચાર્જ કરવાનું આગોતરૂં આયોજન કરવામાં આવ્યું છે. જેનો અમલ એક મહિના અગાઉ નર્મદા અને કડાણા ડેમ ઓવરફલો થતા જ કરવામાં આવ્યો છે.

રાજયમાં કડાણા ડેમ તથા નર્મદા મુખ્ય નહેર આધારીત ૯ ઉદવહન પાઈપલાઈનો મારફતે ઉત્તર ગુજરાતને હરીયાળું કરનારી સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં ૧૨૦૦ કયુસેક પાણી વહે છે. હાલ આ પાણી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની ૩૧૦ કિ.મી.ની લંબાઈમાં ભરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ નહેરના એસ્કેપમાંથી ગત માસમાં જ પાટણ નજીક સરસ્વતી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. આ જ રીતે ખોરસમ-સરસ્વતી ઉદવહન પાઈપલાઈન દ્વારા પણ સિદ્ધપુર નજીક સરસ્વતી નદીમાં પાણી નાખવાનું શરૂ કરવામાં આવ્યું છે. હાલ નર્મદા મુખ્ય નહેરમાંથી હેરણ, કરાડ, ફૂણ, સાબરમતી, રૂપેણ અને બનાસ સહિત વિવિધ નદીઓમાં હાલનાં ૧૮૬૦૦ કયુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

પ્રદેશ કોંગ્રેસના સહપ્રભારી અશ્વિની ૨૧મીએ ગુજરાતમાં પહોંચશે

અમદાવાદ, તા.૧૯

અખિલ ભારતીય કોંગ્રેસના મંત્રી અને ધારાસભ્ય તેમજ ગુજરાત સહપ્રભારી અશ્વિની શીખરી ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રના આઠ જિલ્લાઓના પ્રવાસે આવી રહ્યા છે. તા. ૨૧મી ઓગસ્ટના રોજ સાંજના રાજકોટ મુકામે આવી પહોંચશે અને ૨૫મી ઓગસ્ટ સુધી ગુજરાતમાં કચ્છ સહિત સૌરાષ્ટ્રના રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ભાવનગર તેમજ સુરેન્દ્રનગર જિલ્લાઓનો સઘન પ્રવાસ કરશે અને તમામ સ્તરના સંગઠનના આગેવાનો સાથે ચર્ચા-વિચાર વિમર્શ કરી સંગઠનને વધુ બનાવશે. ઉપરોક્ત તમામ મીટીંગોમાં જિલ્લાવાર સ્થાનિક સાંસદો, ધારાસભ્યો ગત લોકસભા વિધાનસભાના ઉમેદવારો શહેર/જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખો મહાનગરપાલિકા નગરપાલિકામાં ચૂંટાયેલા સભ્યો જિલ્લા - તાલુકા પંચાયતમાં ચૂંટાયેલ સભ્યો, તાલુકા સમિતિના પ્રમુખો તેમજ મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ અને સેવાદળના પ્રમુખો પ્રદેશ કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ અને જે તે જિલ્લાના નિરીક્ષકો હાજર રહેશે.

શબ્દાવલી - ૫૧૫૪

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		૮	■	૯	
૧૦	૧૧	■	૧૨		૧૩		■
૧૪		૧૫	■	■		■	૧૬
■	૧૭		■	૧૮		૧૯	
૨૦		■	૨૧				■
	■	૨૨				■	૨૩
૨૪		■	૨૫		■	૨૬	

આડી ચાવી

૧. સાર-સંભાળ (૪)
૪. પખાલ, પાણીની થેલી (૩)
૭. ટપારવું, ... કરવી (૩)
૯. રેતનું મેદાન (૩)
૧૦. મદારી (૨)
૧૨. ધૃણા (૪)
૧૪. આશ્ચર્ય (૩)
૧૭. ગુનેગારને... થવી જ જોઈએ (૨)
૧૮. કચવાવું તે, ખચકાટ (૪)
૨૦. નેટ (૨)
૨૧. ભૂલવાની ટેવવાળો (૪)
૨૨. ધનવાન (૪)
૨૪. એકમ-બીજ... ચોથ (૩)
૨૫. ગાડી, મોટર (૨)
૨૬. પંખીઓ... માં રહે (૨)

ઊભી ચાવી

૧. ચોકીદાર (૪)
૨. લોખંડનો જંક (૨)
૩. 'નકોર' શબ્દ આડોઅવળો (૩)
૫. હોડ, હરિફાઈ (૩)
૬. કીડીને... હાથીને મણ (૨)
૮. નકામુ, રદ્દી (૨)
૧૧. બાકસની સળી (૪)
૧૩. ... થઈ જવું, છૂ થઈ જવું (૫)
૧૫. ઘા વાગવો, ... થવી (૨)
૧૬. હિંચકો (૨)
૧૮. પૈસાદાર (૪)
૧૯. ઘરની આસપાસ કરાતી આડસ (૨)
૨૦. એક ઔષધ (૩)
૨૧. નાના બાળકો (૩)
૨૩. અડપલું (૨)

શબ્દાવલી ૫૧૫૩ના જવાબ

આડી ચાવી :- (૧) સાગરીત (૪) ગાંસડી (૬) પગ (૭) કમજોર (૮) સીન (૯) કોડ (૧૦) આદીવાસી (૧૩) જરા (૧૪) વસવસો (૧૬) જનમ (૧૭) ડકાર (૧૮) શક (૨૧) શપથ (૨૨) દેહ

ઊભી ચાવી :- (૧) સાપસીડી (૨) ગગન (૩) તકવાદી (૪) ગાંજો (૫) સરકો (૧૦) આરામ (૧૧) વાવડ (૧૨) સીસકારો (૧૩) જનક (૧૫) વર (૧૬) જશન (૧૯) શાપ (૨૦) રાહ

કંપની સમાચાર

જીવન રાહ જોઈ રહ્યું છે - પ્રવાસની તૈયારી કરી લો અને જીવનભરનો અનુભવ માણો!

ભારતમાં પ્રવાસની વાત આવે એટલે પ્રવાસના ભારે શોખીન ગુજરાતીઓની તુલાએ કોઈ ન આવે. ગુજરાત પ્રવાસનનું હબ છે અને ભારતની દક્ષિણમાં પ્રવાસ કરતા સ્થાનિક લોકોમાં તેમનું સૌથી મોટું યોગદાન છે. ગયા વર્ષે ભારતીય પ્રવાસીઓએ દે શભરમાં અંદાજે ૫૦ કરોડ ટ્રીપ કરી છે, જેમાં વેકે શન દરમિયાન પ્રવાસ પાછળ થયેલા કુલ ખર્ચ પૈકી ૭ ટકા ખર્ચ ગુજરાતીઓએ કર્યો છે. અમદાવાદ, વડોદરા અને સુરત દેશમાં ટૂરિઝમ માટેના ટોચના ૧૫ સોર્સ માર્કેટ (જયાંથી લોકો સૌથી વધુ પ્રવાસ કરે છે) માં સામેલ છે. કર્ણાટકમાં ભારતીય પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે છે અને આ રાજયમાં સુંદર ઐતિહાસિક સ્મારકો, હિલ સ્ટે શન્સ અને સમુદ્ર કિનારો છે જે કોઈપ ણ પ્રવાસીને મંત્રમુગ્ધ કરી દે તેવા છે.

વેંકટેશ આ પેકેજ અંગે જણાવે છે કે "અમારા મર્યાદિત રિસોર્ટ્સને ધ્યાનમાં રાખીને અમે ખૂબ જ સ્પષ્ટ છીએ કે અમારે પ્રવાસનો ખરો આનંદ માણવા માગતા ગુજરાતી પ્રવાસીઓ પર જ ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે અને અમે માનીએ છીએ કે ગુજરાતીઓ એ બાબતમાં સારી પરખ શક્તિ ધરાવે છે. અમારા તમામ ત્રણ રિસોર્ટ્સ માટે અમને ગુજરાતમાંથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે. અમારો ૩૦ ટકા બિઝનેસ ગુજરાતના બજારમાંથી જ આવે છે અને ગુજરાતી પ્રવાસીઓ સૌથી વધુ ખર્ચ કરે છે."

ઉ.અમદાવાદ ફેસ્ટીવલ કાર્નિવલ ૨૦૧૩નું આયોજન

ઉત્તર અમદાવાદમાં ચાંદખેડા, મોટેરા, સાબરમતી, શાહીબાગ, કોટેશ્વર અને ગાંધીનગર વિસ્તારોમાં નાગરીકો માટે પ્રથમવાર જ ઉત્તર અમદાવાદ ફેસ્ટિવલ કાર્નિવલ ૨૦૧૩નું આયોજન કરવામાં આવ્યું છે. સંગાથ જૂથ દ્વારા આયોજિત આ કાર્નિવલ સંગાથ સ્કાઈઝ, કોટેશ્વર હિલ્સ, મોટેરા ભાટ રોડ ખાતે તા.૧૬ થી ૧૮ ઓગસ્ટ, ૨૦૧૩ દરમિયાન યોજાયો છે. નોર્થ અમદાવાદ ફેસ્ટિવ કાર્નિવલ ૨૦૧૩માં ડ્રેપ શોપી, પંચરત્ન જવેલર્સ, બંધેજ ઉત્સવ, નોયા, દિવ્યા હર્બોકેર, પિકોક ફેશન, સીઝ કલેકશન, સંગાથ ઈન્ફ્રાસ્ટ્રકચર, ફલેમીંગો ટ્રાન્સવર્લ્ડ, વીએસસીસી, રુદ્ર બુટિક, ટિયારા કિચન, સ્પંદન, પાશ્વનાર્થ ક્રિયેશન, તીર્થ બુટિક, નેચર કયોર પ્રફુલ્લ સ્વીટ્સ જેવી બ્રાન્ડ્સ ભાગ લઈ રહી છે. સંગાથ જૂથ દ્વારા કોટેશ્વર હિલ્સમાં આજથી પાંચ વર્ષ પહેલાં સંગાથ પાયલોન નામનો પ્રથમ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં હાલમાં ૨૭ પ્રોજેક્ટો કાર્યરત છે. છેલ્લા ૩૨ વર્ષથી કાર્યરત સંગાથ જૂથનાં તેના ગુણવત્તાસભર અને નીતિમત્તાવાળા પ્રોજેક્ટો માટે નામનાં ધરાવે છે. સંગાથ જૂથનાં એક પ્રોજેક્ટ સંગાથ ટેરેસીસને ગાહેડ દ્વારા લકઝુરિયસ ૩ બીએચકે લો રાઈસ મલ્ટીપલ બિલ્ડીંગ કેટેગરીમાં બેસ્ટ બિલ્ડિંગનો એવોર્ડ મળ્યો છે.

પતિનું ખુન કરીને પત્નિ પ્રેમી સાથે હરીયાણાથી ગાંધીનગર આવી પહોંચી

ગાંધીનગર, તા.૧૯

પોતાનો પ્રેમ સંબંધ ખુલ્લો પડી જતા પત્નિએ પતિને જમવાની ડીશમાં ગોળીઓ મિલાવી દઈ ગળું દબાવીને મારી નાંખ્યા બાદ લાશ કેનાલમાં ફેંકી દઈ ખુન કરી નાંખ્યાની ઘટના હરીયાણામાં બની હતી. આ પ્રકરણના ખુની પત્નિ અને પ્રેમી સંતાનો સાથે ગાંધીનગર આવી પહોંચ્યા હોવાનું જાણવા મળતા હરિયાણા પોલીસ ગાંધીનગર આવી પહોંચી હતી. એલસીબીની ટીમે હરિયાણા પોલીસ સાથે મળીને શોધખોળ કરી નારણનગરથી હત્યારી પત્નિ, પ્રેમીને પકડી પાડયા હતા. ૮ જણાને પકડીને ગાંધીનગર એલસીબીએ હરિયાણા પોલીસને સોંપ્યા છે.

પ્રેમસંબંધ ખુલ્લો પડી જતાં પત્નિએ પતિના ભોજનમાં દવાઓ ભેળવી દીધા બાદ ગળું દબાવીને મારી નાંખ્યો અને કેનાલમાં ફેંકી દીધો : એલ.સી.બી.એ નારણનગરમાંથી પકડી પાડયા

હરિયાણા પોલીસને ૯ જુલાઈના રોજ કેનાલમાંથી બિનવારસી લાશ મળી આવી હતી. ૨૭ જુલાઈએ મૃતકના સગા ભાઈ બાબુલાલ બિનવારીલાલ સૈનીએ લાશ ઓળખી બતાવી હતી અને ૫૦ વર્ષીય દિલબાગ બનવારી લાલ સૈનીનો મૃતદેહ હોવાનું ખુલ્યું હતું. પોસ્ટ મોર્ટમમાં બહાર આવ્યું હતું કે તેની હત્યા કરવામાં આવી છે. બાબુલાલની ફરિયાદ લઈને હરિયાણા પોલીસે તપાસ કરતાં સન્ની જગદીશ ચમાર નામનો એક શખ્સ પકડાયો હતો. તેની કડક પુછપરછમાં જાણવા મળ્યું હતું કે દિલબાગની હત્યા તેની પત્નિ અને પ્રેમીની મદદથી કરી હતી. પત્નિ બબીતા સૈની અને સોનુ ઉર્ફે સતબીર બદલુરામ ચમાર એક ફેકટરીમાં કામ કરતા હતા અને પ્રેમ સંબંધ બંધાઈ ગયો હતો. પતિને આ અંગે જાણ થતાં ઠપકો આપ્યો હતો. જેને કારણે પત્નિએ પ્રેમી સાથે મળીને પતિના ભાણામાં દવા નાંખી બેભાન કરી દઈ ગળુ દબાવીને મારી નાંખી કેનાલમાં મૃતદેહ ફેંકી દીધો હોવાનું સન્નીની તપાસમાં ખુલ્યું હતું. પ્રેમી-પત્નિ સંતાનોને લઈને ગુજરાતના ગાંધીનગર ખાતે પહોંચી જઈ ભાડે મકાન રાખીને છુપાઈ ગયા હોવાનું સાંપડી હરિયાણા પોલીસને જણાવતા ગાંધીનગર તપાસ માટે ટીમ આવી પહોંચી હતી. ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી તેમની ટીમના નટુભા જાડેજા, કરણસિંહ વાઘેલા અને જાતુભા વાઘેલાએ બાતમી મેળવીને શોધી કાઢયું હતું કે ગાંધીનગર નજીકના વાવોલ નારણનગર વિસ્તારમાં તેઓ ભાડે રહે છે. આજે એલસીબીએ પત્નિ બબીતા સૈની, પ્રેમી સોનુ ઉર્ફે સતબીર તથા અન્ય બે મદદગારી કરનાર આરોપી કમલ સતબીર ચમાર, વિરસિંગ સુરજ ભાનસિંગ સૈનીને પકડી પાડયા હતા તે ઉપરાંત આ આરોપીઓ સાથે રહેતો સુંદર અને બબીતાના ત્રણ દિકરા મળીને ૮ જણને ગાંધીનગર એલસીબીની ટીમે હરિયાણા પોલીસને સોંપી દીધા છે.

પેથાપુર કસ્બામાં જુગાર રમતા ૯ શખ્સો ઝડપાયા

૨૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરીને તમામની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર નજીક પેથાપુર કસ્બા વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી મળતા પેથાપુર પોલીસની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડીને ૯ જુગારીઓને જુગાર રમતા ઝડપી પાડ્યા હતા. રૂ. ૨૪ હજારના મુદ્દામાલ સાથે તમામની ધરપકડ કરીને પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પીએસઆઈ એસ.જે. વાઘેલાને ગઈ મોડી સાંજે બાતમી મળી હતી કે પેથાપુર કસ્બા વિસ્તારમાં ખુલ્લેઆમ ટોળુ વળીને કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે જેને આધારે ટીમ સાથે મળીને દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરીને ૯ જુગારીઓને પકડી પાડ્યા હતા. સે. ૨૦માં રહેતા મનોજ ઈશ્વર નાયી, પેથાપુર રહેતા આશીફ ઈબ્રાહીમ શેખ, આશીષ વિનોદચંદ્ર પટ્ટણી, રહેમનઉલ્લા અમીરખાન પઠાણ, ચરેડી છાપરામાં રહેતા મલેક, જીઈબી છાપરામાં રહેતા બાબુ નરસિંહ સોલંકી, મુનાફ હબીબમીયા રાઠોડ અને સહીદખાન ઈસુબખાન પઠાણ મળીને ૯ જણાની ૮ મોબાઈલ તથા રોકડ મળીને કુલ ૨૪,૨૪૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોદીની જયપુરમાં ૧૦મી સપ્ટેમ્બરે મેગા રેલી

અમદાવાદ, તા.૧૯

હૈદરાબાદમાં અભૂતપૂર્વ સફળતા હાથ લાગ્યા બાદ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હવે રાજસ્થાના પાટનગર જયપુરમાં પણ ૧૦મી સપ્ટેમ્બરના દિવસે મેગા રેલી યોજનાર છે. રાજસ્થાન ભાજપ આના માટે તૈયારીમાં વ્યસ્ત છે. આ રેલીમાં નરેન્દ્ર મોદી ઉપરાંત ભાજપના પ્રમુખ રાજનાથસિંહ અને પક્ષના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી ઉપસ્થિત રહેશે. આ રેલી ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર વસુંધરારાજેની રેલીની સંકલ્પ યાત્રાની પૂર્ણાહૂતિના પ્રસંગે યોજાશે. ભાજપના રાજ્યના જનરલ સેક્રેટરી રાજેશ પૂણિયાએ કહ્યુ છે કે સક્રિય સભ્યો જે નોંધણી ઝુંબેશ દરમિયાન જોડાયા છે તે ઉપસ્થિત રહેશે.

ઈમ્પેક્ટ ફી માટે ફોર્મ ભરવા અંગેની મુદત વધારવામાં આવશે નહી

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે અમલી બનાવાયેલ ઈમ્પેક્ટ ફી યોજનાની મુદતમાં હવે કોઈ વધારો નહી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના શહેરી વિસ્તારોમાં આવેલા ગેરકાયદે બાંધકામોને નિયમબદ્ધ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીનો કાયદો બનાવવામાં આવ્યો હતો.

જે અંતર્ગત રાજ્યમાં ઈમ્પેક્ટ ફી ભરીને ગેરકાયદે બાંધકામોને નિયમીત કરવા માટેની અરજી કરવા માટેની છેલ્લી તા. ૧૯મી ઓગષ્ટ-૨૦૧૩ નક્કી કરવામાં આવી હતી. જેથી આ મુદત આજે પુરી થઈ હોઈ અરજી કરવાનો આજે છેલ્લો દિવસ હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ હવે રાજ્ય સરકાર ઈમ્પેક્ટ ફી માટે અરજી કરવાની મુદતમાં હવે કોઈ જ વધારો નહી કરવાનો નિર્ણય કર્યો છે. આજદિન સુધીમાં જેટલી અરજીઓ સરકારને મળી હશે તે અરજીઓનો આગામી દોઢ વર્ષની અંદર નિકાલ કરવામાં આવશે.

સૂત્રો પાસેથી જે લોકોએ ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા માટે અરજી નથી કરી તેવા મકાન ધારકો માટે હાઈકોર્ટ દ્વારા રચવામાં આવેલી કમીટી દ્વારા નિર્ણય લેવામાં આવશે.

પાણીજન્ય રોગચાળો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળતી વિગતો પ્રમાણે જિલ્લા કલેક્ટરશ્રીએ આજે સમીક્ષા બેઠક દરમ્યાન પણ પોરાનાશક કામગીરીના સઘનીકરણ પર વિશેષ ભાર મુક્યો હતો. શ્રી સ્વરૂપે સફાઈની કામગીરીમાં પણ સઘનીકરણનો કોર્પોરેશનને ભાર મુકી જણાવ્યુ હતુ કે કામગીરી અસરકારક રીતે થાય એટલુ જ નહિ તેનું અસરાકર મોનીટરીંગ કરવા પણ તાકીદ કરી હતી.

આ બેઠકમાં કલેક્ટરશ્રીએ જુના અને જર્જરિત થયેલા મકાનો સત્વરે ઉતારી લેવા તેમજ ખાલી મકાનોની ટાંકીઓ તોડવાની કામગીરી સઘન બનાવવા માટે માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરશ્રીએ શહેર અને શહેરની આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલી બાંધકામ સાઈટોના ઈન્સ્પેક્શનની કામગીરી હાથ ધરવા પણ તંત્રને જણાવ્યું છે.

મળતા નિર્દેશો પ્રમાણે આગામી ૨૪ કલાકમાં જો બાંધકામ સાઈટો પરથી મચ્છરો મળશે તો સીલીંગની કાર્યવાહી હાથ ધરવા માટે તંત્રને કડક તાકીદ કલેક્ટરે કરી છે અને તંત્રએ પણ આજથી આ સાઈટોની ચકાસણી હાથ ધરવાની કામગીરી આરંભી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન ગાંધીનગર તાલુકામાં પણ કમળાના કેસો મોટી સંખ્યામાં મળી રહ્યાનું તંત્રના ધ્યાને આવતાં આરોગ્ય તંત્રએ તમામ ગ્રામ પંચાયતોને સુપર ક્લોરીનેશન સાથે પેયજળનો પુરવઠો આપવા માટે જણાવાયું છે તેમજ તંત્રના અધિકારીઓને પણ આ ક્લોરીનેશનની કામગીરી અંગે રિપોર્ટીંગ કરવા તાકીદ કરી છે.

આરોગ્ય તંત્રએ પેયજળના સુપર ક્લોરીનેશનની સાથે સાથે કમળાના કેસોના બ્લડ સેમ્પલ મેળવી અને ગાંધીનગર તપાસ માટે મોકલી આપવા પણ આદેશો જારી કર્યા છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ચિલોડા, દહેગામ પંથક તેમજ ઉનાવા, પેથાપુર, રાંધેજા, રૂપાલ, સરઢવ, આદરજ મોટી જેવા ગામોમાં કમળાના કેસો મળી આવ્યા છે.

તંત્રએ આજે તેની કામગીરીનું મોનીટરીંગ કરવા માટે અલાયદી વ્યવસ્થા પણ ઉભી કરવાની વિચારણા હાથ ધરી છે.

દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફિવર ઓ.પી.ડી. શરૂ કરાઈ છે અને હોસ્પિટલની ઓપીડીનો આંક ૧૭૦૦ ને પણ પાર કરી ગયો છે.

વિધાનસભાનું વર્ષાસત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંજુરી મેળવી લેવા સબંધીત વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

આ ઉપરાંત રાજ્યમાં અમલી કેટલાક કાયદાઓ ખુબજ જરી પુરાણા અને બિન ઉપયોગી છે. આવા કાયદાઓ પૈકી જે કાયદાઓ રદ કરવાની જરૂરીયાત જણાતી હોય તો આવા કાયદો રદ કરવા અંગેની કાર્યવાહી કરીને આગામી વિધાનસભા સત્રમાં તે રજુ કરવા પણ સંબંધિત વિભાગોને તાકીદ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ધારાસભ્યો દ્વારા પુછવામાં આવતા તારાંકિત અતારાંકિત પ્રશ્નોનું પૃથ્થકરણ કરીને તે અન્વયે નિતી ઘડતર સહિતની કરવા પાત્ર કામગીરી કરવાની હોય છે પરંતુ મોટા ભાગના વિભાગો દ્વારા આ કામગીરી પડતર હોવાનું તાજેતરમાં આ કામગીરી કરવામાં આવેલી સમીક્ષામાં બહાર આવવા પામ્યું છે.

આ અંગે તાજેતરમાં મળેલી એક બેઠકમાં રાજ્યના મુખ્ય સચિવે આ બાબત ઉપર ભાર મુકતા એવું જણાવ્યું હતું કે ધારાસભ્યો દ્વારા વિધાનસભામાં પૂછાતા તારાંકિત અતારાંકિત પ્રશ્નો એ પ્રજાનો અવાજ છે. જે પ્રજાના કોઈ પ્રશ્નો તરફે નિર્દેશ કરે છે. આથી આ માટે સુધારાત્મક કાર્યવાહી વિભાગોએ કરવી જોઈએ. આ ઉપરાંત આ અંગે યોગ્ય કાર્યવાહી સત્વરે હાથ ધરવા તમામ વિભાગોના સચિવોને સૂચના આપવામાં આવી છે.

કોન્સ્ટેબલ નિમાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રીક્ષા વ્યવસ્થા ઉપરાંત રાત્રિ દરમિયાન આવતી ટ્રેઈનોના લીધે પણ સલામતીની દૃષ્ટિએ યોગ્ય આયોજન થઈ શકશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ ઉપરાંત શહેરના છેવાડા સ્થિત સ્ટેશન વિસ્તારમાં મુસાફરોની અવર જવરને ધ્યાને લઈ પ્લેટફોર્મ ચોકી શરુ કરવા પણ માંગણી કરવામાં આવી છે. જયારે રેલવેના ડિવિઝન મેનેજરને પણ પત્ર લખી આ અંગે રજૂઆત કરવાનો નિર્ણય લેવાયો છે.